ISSN 2454-8596
www.vidhyayanaejournal.org

An International Multidisciplinary Research e-Journal

# કુલપતિશ્રીઓનાં ઉદ્દબોધનોમાંથી પ્રગટ થતી ગૂજરાત વિદ્યાપીઠની લાક્ષણિકતા

સંશોધન પત્ર

સંશોધક

રોહિત ગઢવી

ગૂજરાત વિદ્યાપીઠ

આશ્રમ માર્ગ

અમદાવાદ-૩૮૦ ૦૧૪

શિક્ષણ અને સંશોધન નવા જ્ઞાન સર્જન માટે ખૂબ જરૂરી છે. સંશોધન નવા પ્રવાહોથી આધુનિક ક્ષેત્રો તરફ ગતિ કરવા માટે યોગ્ય માર્ગદર્શન આપનાર ઘટક છે. આધુનિક સમયમાં શિક્ષણ અને નવિનતા એક સિક્કની બે બાજુ સમાન છે.

શિક્ષણનાં ક્ષેત્રમાં ગુણાત્મક સંશોધનોનું મહત્વટ વધવા લાગ્યું છે. ગુણાત્મ ક સંશોધન આજે એક પ્રવાહ બની ચૂકયુ છે .પ્રત્યેમક સંસ્કૃહતિને ટકાવી રાખવામાં તેમજ મૂલ્યો.નાં જતન અને આવિષ્કાશર માટેઉદ્દબોધનોનો ઉપયોગ અસરકારક રીતે થતો આવ્યો છે. ગુરુકુળ પ્રણાલીમાં મુખોપમુખ અને કંઠોપકંઠ શિક્ષણ આનો ઉતમ પુરાવો છે,બનાવો કે સંસ્થાંના પદ્ધતિસરના ઘટના ક્રમની વર્ણનાત્મનક રજૂઆત ઉદ્દબોધન દ્વારા સચોટ રીતે કરી શકાય છે. ગુણાત્મસક સંશોધનમાં કારણ તુલનાત્મક અભ્યાસ ખૂબ અગત્યનું સ્થા ન ધરાવે છે. ગુણાત્મ-ક શૈક્ષણિક સંશોધનોમાં કથાત્મક વર્ણનો પર સંશોધન કાર્ય થતા હોય છે.

કથા એ આત્માકથા , જીવનચરિત્ર, રેખા ચિત્ર, ઉદ્દબોધન કે નાનકડી પ્રસંગ કથા સ્વેરૂપે હોઇ શકે. સંશોધનમાં આવા અભ્યાસનું ખૂબ અગત્યરનું સ્થાનન છે.

ઉદ્દબોધનો , પ્રસંગ નોંધો, સંવેગો પર સંશોધનો એ ગુણાત્મક સંશોધનનો એક ભાગ છે. (જોશી ૨૦૧૧). પ્રસ્તુનત સંશોધનમાં સંશોધક ઉદ્દબોધનો પરથી ગૂજરાત વિદ્યાપીઠ વિશેની આંતરીક અને બાહ્ય બાબતોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ કારણ તુલનાત્મ ક અભ્યાસ ભાવિ પેઢીને યોગ્યબ માર્ગદર્શન આપનાર બને છે.

સંશોધકને સંશોધનાત્મોક સાહિત્યિની પ્રારંભિક સમીક્ષામાં આ મુજબના સંશોધનો સુલભ થયા હતા. પરમારે (૧૯૮૫) ગુજરાતી સામાજિક નવલકથાઓનાં શૈક્ષણિક નિર્દેશોની સમીક્ષા કરી હતી. સોલંકી (૧૯૯૫) એ દર્શકની નવલકથાઓમાંપ્રસ્તુ ત શિક્ષણ દર્શન વિશે અભ્યાસિકર્યો હતો. પટેલે(૨૦૦૧) પાંડુરંગશાસ્રીના પ્રકાશિત પુસ્તથકોમાં વ્ય કત થતું શિક્ષણ દર્શન અભ્યાયસ તરીકે લીધુ હતું.ગોહિલે (૨૦૦૨) ઉપનિષદોમાં વ્યકત થતાં શિક્ષણદર્શનનો અભ્યાસ કર્યો હતો. પટેલે (૨૦૦૩) શ્રી પાંડુરંગશાસ્ત્રીનાં પ્રવચનોમાં પ્રગટ થતાં

શિક્ષણદર્શન પર અભ્યા સ કર્યો હતો. મકવાણા (૨૦૦૦) એ શિક્ષાપત્રીમાં રજૂ થતી આચારમીમાંસા પર સંશધોન કાર્ય હાથ ધર્યુ હતું. પ્રજાપતિ (૨૦૦૦) એ શ્રીમદ્દ ભગવદ્દગીતાના અધ્યાતય પર કાર્ય કર્યુ હતું. જાડેજા (૨૦૦૧) એ તૈતિરીય ઉપનિષદની શિક્ષાવલ્લી-માં વ્ય કત થતું શૈક્ષણિક તત્વદર્શનો કાર્ય તરીકે પસંદ કર્યુ હતું. ભાગોરા (૨૦૦૪) એ શ્રી કિશોરલાલ મશરૂવાળાના કેળવણી વિષયક વિચારો પર કાર્ય હાથ ધર્યુ હતું. તડવી (૨૦૦૪)એ માધ્યમિક શાળાના અભ્યાકસક્રમના સંસ્કૃેત સુભાષિતોના મૂલ્યો ની ઓળખ અને વર્ગીકરણ પર કાર્ય કર્યુ હતું. ભટ્ટ (૨૦૧૧) સ્વોમી સચ્ચિદાનંદજીના પુસ્તયક 'વિદેશ યાત્રા' પ્રેરક પ્રસંગોમાંથી નિષ્પપન્ન થતા મૂલ્યોતનું વર્ગિકરણ કાર્ય હાથ ધર્યુ હતું.જાંબુસિયા (૨૦૦૬)એમાધ્યચમિક શાળાના વિદ્યાર્થીઓનું ઇશ્વર સાથેનું પ્રત્યાયનનો અભ્યાસ હાથ ધર્યો હતો.. સંશોધકે કુલપતિશ્રીના ઉદ્દબોધનો પર અભ્યા્સ કરવાનું પસંદ કર્યુ છે.

## અભ્યાસસના હેતુ

પ્રસ્તુત સંશોધનના હેતુ આ પ્રમાણે હતા.

૧. કુલપતિશ્રીના ઉદ્દબોધનોમાંથી પ્રગટ થતી ગૂજરાત વિદ્યાપીઠની લાક્ષણિકતાઓ તપાસવી.

## અભ્યાતસની અગત્યન

પ્રસ્તુતત અભ્યાીસની અગત્ય આ પ્રમાણે છે.

૧. કુલપતિશ્રીનાં ઉદ્દબોધનોના સંદર્ભે ગૂજરાત વિદ્યાપીઠની ખૂબીઓ વિશે માહિતી પ્રાપ્ત થઈ હતી.

૨. ભાવી સંશોધકોને વિષયવસ્તુ પૃથક્કરણ (ગુણાત્મ ક વિશ્લેષણ) સંદર્ભે ઉપયોગી થશે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA An International Multidisciplinary Research e-Journal

## પદોની વ્યaવહારુ વ્યા-ખ્યાgઓ

પ્રસ્તુત સંશોધનમાં વિશિષ્ટ રીતે પ્રયોજાનારા નિમ્ન લિખિત પદોની વ્ય-વહારુવ્યા-ખ્યા-ઓ અહીં દર્શાવ્યા મુજબ છે.

**‘કુલપતિશ્રીનાં ઉદ્દબોધનો’**.ગૂજરાત વિદ્યાપીઠના પદવીદાન સમારંભમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિશ્રી દ્વારા અપાયેલા વ્યાખ્યાનો એટલે કુલપતિશ્રીનાં ઉદ્દબોધનો ઈ.સ. ૧૯૬૩ થી ૨૦૧૭ સુધીના તમામ પદવીદાન સમારંભમાં અપાયેલાં વ્યાખ્યાનોનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ થયો છે , જે પૈકી ઈ.સ. ૧૯૬૩ થી ૨૦૧૨ ના વર્ષોના ઉદ્દબોધનો “કુલપતિશ્રીનાં ઉદ્દબોધનો” નામે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા પુસ્તક સ્વરુપે પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

**ગૂજરાત વિદ્યાપીઠ.** મહાત્મા ગાંધી દ્વારા ઈ.સ. ૧૯૨૦માં સ્થપાયેલી અને ઈ.સ. ૧૯૬૩ થી યુજીસીના અનુદાનવાળી ડિમ્ડ ટુ બી યુનિવર્સિટી તરીકે કાર્યરત અમદાવાદ (ગુજરાત) મુકામે વડું મથક ધરાવતી શૈક્ષણિક સંસ્થા.

## માહિતી પસંદગી

પ્રસ્તુત સંશોધનમાં પદવીદાન સમારંભમાં થયેલા કુલપતિશ્રીનાં વર્ષ ૧૯૬૩ થી ૨૦૧૭ સુધીના કુલ ૪૦ ઉદ્દબોધનોને માહિતી તરીકે સ્વીકારવામાં આવ્યાં હતા.

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વને જ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. અહીં વર્ષ ૧૯૬૩ થી ૨૦૧૭ સુધીના તમામ ૪૦ ઉદ્દબોધનો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## સંશોધકની ભૂમિકા

સમસ્યા પસંદગી અને સંદર્ભ સાહિત્યની સમિક્ષા બાદ માર્ગદર્શક શ્રી સાથે ચર્ચા વિચારણા અને તજજ્ઞો સાથેની મુલાકાતના અંતે સંશોધકે વર્ષ ૧૯૬૩ થી ૨૦૧૭ સુધીના ૪ ૦ ઉદ્દબોધનો માંથી ચાર બાબતોની તારવણી કરવામાં આવી હતી. જેમાં ગૂજરાત વિદ્યાપીઠની એક સંસ્થા તરીકેની લાક્ષણીકતાઓ , મર્યાદાઓ, પડકારો અને ભાવી દિશા.

સંશોધકે સૌ પ્રથમ તમામ ૪ ૦ ઉદ્દબોધનો પ્રાપ્ત કરી તેનું વિશેષ વાંચન કરી , તેમાં સમાવિષ્ટ ચાર બાબતોને અલગ નોંધી હતી. આ તમામ માહિતી વર્ણનાત્મક સ્વરૂપે પ્રાપ્ત થયેલી હોય. આ માહિતીનું ગુણાત્મક વિશ્લેષણ કઈ રીતે કરવું ? તેની યોજના સંશોધકે માર્ગદર્શક શ્રી સાથે ચર્ચા વિચારણા બાદ તૈયાર કરી હતી. આ માટે લાઈટહોલ અને લાઈટહોલ (૧૯૯૬) એ આપેલી યોજનાનો આંશિક સ્વીકાર કર્યો હતો. સંશોધકે માઈલ્સ અને હ્યુબરમેન (૧૯૯૪) લિખિત Qualitative data Analysis and Expanded Source book નો આધાર તરીકે ઉપયોગ કર્યો હતો. તેમજ વ્યાસ (૨૦૦૯) અને જોષી (૨૦૧૧) ના સંશોધનોની માહિતીનો આધાર લીધો હતો.

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકની ભુમિકા મુલાકાતી, પ્રતિલેખક, વાચક અને સંયોજક તરીકેની પણ હતી.

## મુલાકાતી

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે નમૂના માટે જરૂરી વિભાગોની મુલાકાતો લીધી હતી. જેમાં ગૂજરાત વિદ્યાપીઠનું પુસ્તકાલય, પ્રકાશન વિભાગ , પરીક્ષા વિભાગની , સમયાંતરે મુલાકાતો લીધી હતી. તેમજ જરૂરી ઉદ્દબોધનો પુસ્તક સ્વરૂપે અને અન્ય ઉદ્દબોધનો લેખિત સ્વરૂપે પ્રાપ્ત કર્યા હતા.

## પ્રતિલેખક

તમામ ઉદ્દબોધનોમાં વ્યકત થયેલ કુલપતિશ્રીનાં વિચારો માંથી વાંચન દરમીયાન ચાર બાબતો લાક્ષણીકતાઓ, મર્યાદાઓ, પડકારો અને ભાવી દિશાની તારવણી બાદ તેની સારણી સ્વરૂપે રજૂઆત કરવામાં આવી હતી. તેમજ તમામ ૪૦ ઉદ્દબોધનો માંથી મળતા એક સમાન વિચારોની અલગ તારવણી કર્યા બાદ તેની અલગ નોંધ કરવામાં આવી હતી. આમ પ્રતિલેખક તરીકેની ભુમિકા સંશોધકની રહી હતી.

## વાચક

કુલ ૪૦ ઉદ્દબોધનોનું એકથી વધુ વખત વાંચન કરવામાં આવ્યું હતુ. તેમજ ઉદ્દબોધનોના ગહન અધ્યયન બાદ તેમાંથી ચાર બાબતો અલગ તારવવામાં આવી હતી. આ તમામ બાબતો માંથી સર્વસામાન્ય બાબતો તારવવા માટે ઉદ્દબોધનો અને સારણીનું પુનઃ વાંચન કરવામાં આવ્યું હતુ.

## સંયોજક

તમામ ૪૦ ઉદ્દબોધનો માંથી ઉદ્દબોધન દિઠ ચાર બાબતો લાક્ષણીકતાઓ , મર્યાદાઓ, પડકારો અને ભાવી દિશાની તારવણી બાદ તેમાંથી સર્વસામાન્ય વિચારો અલગ તારવી તેનું સંયોજન કરવામાં આવ્યું હતુ. તેથી સંશોધકે અહીં સંયોજકની ભુમિકા પણ અદા કરી હતી. તે તમામ મુદ્દાઓની આવૃતિ અને શતમાન મેળવી તેની રજૂઆત કરવામાં આવી હતી.

## માહિતીનું સ્વરૂપ

પ્રસ્તુત સંશોધનમાં માહીતી ગુણાત્મક સ્વરૂપે પ્રાપ્ત થઈ હતી. અહીં માહિતી ઉદ્દ્બોધનો સ્વરૂપે પ્રાપ્ત થઈ હતી. આ તમામ ઉદ્દ્બોધનો માંથી જુદા-જુદા મુદ્દાઓ અલગ તારવી તમામ મુદ્દાઓને એક સાથે

સાંકળવામાં આવ્યાં હતાં. તેમજ તેમની આવૃતિઓ પ્રાપ્ત કરવામાં આવી હતી.

## સંશોધન પદ્ધતિ

સંશોધન પદ્ધતિએ સમગ્ર સંશોધન પ્રક્રિયાનું હાર્દ અને અગત્યનું પાસુ છે. સંશોધન પદ્ધતિના ઉપયોગ દ્વારા દરેક સંશોધનની દિશા સ્પષ્ટ બને છે.

પ્રસ્તુત સંશોધનમાં વર્ણનાત્મક સંશોધન પદ્ધતિમાં વિષયવસ્તુ વિશ્લેષણની રીતનો ઉપયોગ કરી પરીણામો તારવવામાં આવ્યા હતા. લેખિત કે મૌખિક પસંદિત વિશિષ્ટ બાબતો દ્વારા વિષયવસ્તુ વિશ્લેષણની રીતનો ઉપયોગ કરી પરીણામો તારવવામાં આવ્યા હતા. દસ્તાવેજી સામગ્રીઓ જેવી કે ગ્રંથો, પુસ્તકો, વર્તમાન પત્રોની વિગતો તેમજ અન્ય બાબતોનું પૃથક્કરણ આ પદ્ધતિથી કરવામાં આવે છે. અહીં આંકડા કે સંખ્યાઓ ન હોવાથી અંકશાસ્ત્રિય પૃથક્કરણને બદલે શબ્દો , ફકરાઓ કે લેખો માંથી માહિતી તારવવામાં આવે છે. તેમજ સંશોધનના હેતુઓ અનુરૂપ તેનું અર્થઘટન કરવામાં આવે છે.

## ઉપકરણ

પ્રસ્તુત સંશોધનમાં સંશોધકે કુલ ૪ ૦ ઉદ્દબોધનો પ્રાપ્ત કરી , તેનું વાંચન કરી ચાર બાબતો અલગ તારવી હતી. આમ પ્રસ્તુત સંશોધનમાં વર્ષ ૧૯૬૩ થી ૨૦૧૭ સુધીના કુલપતિશ્રીનાં ઉદ્દબોધનો માંથી મુખ્ય

ઉપકરણ તરીકે નોંધ પત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેના આધારે સમગ્ર માહિતી મેળવવામાં આવી હતી. તેની આવૃતિઓ પ્રાપ્ત કરી તેના શતમાન દ્વારા તેનું અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## માહિતી એકત્રીકરણની પ્રવિધી

પ્રસ્તુત અભ્યાસમાં સંશોધકે વર્ષ ૧૯૬૩ થી ૨૦૧૨ સુધીના પ્રાપ્ય કુલ ૩૫ ઉદ્દબોધનો માટે ગૂજરાત વિદ્યાપીઠનું પુસ્તક ‘પદવીદાન સમારંભ કુલપતિશ્રીનાં ઉદ્દબોધનો ’ પુસ્તક પ્રકાશન વિભાગ માંથી પ્રાપ્ત કર્યું હતુ. ત્યાર બાદ અન્ય ૫ ઉદ્દબોધનો યુનિવર્સિટી કાર્યાલય માંથી પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. જે વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૭ ના વર્ષોના ઉદ્દબોધનો હતા.

કુલ ૪૦ ઉદ્દબોધનો માંથી વિદ્યાપીઠની લાક્ષણીકતાઓની તારવણી કરી હતી. તેમાંથી પરીણામો અને અર્થઘટનો તારવવામાં આવ્યા હતા. આ વિધાનોની આવૃતિઓ અને શતમાન પણ મેળવવામાં આવ્યા હતા.

## માહિતીનું આગમનાત્મક વિશ્લેષણ

સંખ્યાત્મક સંશોધનોમાં અંકશાસ્ત્રિય પ્રયુક્તિઓ દ્વારા આંકડાઓ પ્રાપ્ત થાય છે. અને માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. જયારે ગુણાત્મક સંશોધનમાં એકત્રીત માહિતી માંથી જે કેટલાંક સિધ્ધાંતો તારવવામાં આવે છે. અને તે સિધ્ધાંતોના આધારે વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે છે. અને માહિતી

માંથી પરીણામોની તારવણી થાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવા માટે જોશી (૨૦૧૧) દ્વારા અનુસરાયેલી તેમજ લાઈટહોલ અને લાઈટહોલ (૧૯૯૬) તથા હ્યુબરમેન (૧૯૯૪)ની સુચનાઓને ધ્યાનમાં લેવામાં આવી હતી. સૌ પ્રથમ દરેક ઉદ્દબોધનોનું શાંત ચિતે વાંચન કરવામાં આવ્યું હતું. દરેક ઉદ્દબોધનના વાંચન સમયે તેમાંથી લાક્ષણીકતાની અલગ નોંધ કરવામાં આવી હતી. જેમ કે ગૂજરાત વિદ્યાપીઠના એક સંસ્થા તરીકેની લાક્ષણીકતાઓ જે દરેક કુલપતિશ્રીનાં ઉદ્દબોધનોમાં તેણે રજૂ કરી હતી . તે મુજબના હતા . તેના માટે વ્યાસ (૨૦૦૯) અને જોષી (૨૦૧૧)ના પીએચ.ડી.ના સંશોધનનો આધાર તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. તેના આધારે કોડીંગ યોજના અપનાવવામાં આવી હતી. આ માટે માઈલ્સ અને હ્યુબરમેનના પુસ્તક Qualitative data analysis and expanded source book આધારિત વ્યાસ (૨૦૦૯) ગુજરાત રાજ્યના શિક્ષણ વિદ્યાશાખાના પીએચ.ડી.ના માર્ગદર્શકો માટે સુરત મુકામે યોજાયેલ સેમિનારમાં રજૂ થયેલ અને પ્રકાશિત થયેલા પુસ્તકમાં રજૂ થયેલ લેખ ‘ગુણાત્મક સંશોધનની પદ્ધતિના અનિવાર્ય ભાગરૂપ માહિતી, માહિતીના પૃથક્કરણનું માર્ગદર્શન શી રીતે આપીશુ ?’ તેનો અભ્યાસ કરીને પ્રસ્તુત સંશોધન માટેની કોડીંગ યોજના નક્કી કરવામાં આવી હતી. ઉદ્દબોધનો માંથી મુદ્દાઓ તારવી તેને યોગ્ય ક્રમમાં તેનું કોડીંગ કર્યુ હતું. દા .ત. ઉદ્દબોધનોમાં જોવા મળતી લાક્ષણિકતા દેશસેવાના મુખ્ય મુદ્દાને કોડ નંબર ૧ આપ્યો હતો. તેના પેટા મુદ્દાઓને ક્રમ ૧.૧ , ૧.૨, ૧.3 કોડ

VIDHYAYANA

આપવામાં આવ્યા હતા. આમ ક્રમિક કોડ આપવામાં આવ્યા હતા.

દરેક ઉદ્દબોધનોના વાંચન બાદ દરેક માંથી લાક્ષણીકતાઓ તારવવામાં આવી હતી. તેમજ તમામ ૪૦ ઉદ્દબોધનો માંથી મળતા એક સમાન વિચારોની અલગ તારવણી કર્યા બાદ તેની અલગ સારણી દ્વારા રજૂઆત કરવામાં આવી હતી. તેમજ તેની આવૃતિઓ અને શતમાન પણ પ્રાપ્ત કરવામાં આવ્યા હતા. આ તમામ બાબતોમાં તજજ્ઞોનો અભિપ્રાય લેવામાં આવ્યો હતો. ત્યાર બાદ જરૂરી સુધારાઓ અને ફેરફારોને ધ્યાનમાં લઈ મુદ્દાઓને ગોઠવવામાં આવ્યા હતા.

## તારણો

પ્રસ્તુત અભ્યાસના તારણો આ મુજબ છે.

આ અભ્યાસમાં કુલપતિશ્રીઓના ઉદ્દબોધનો માંથી ગૂજરાત વિદ્યાપીઠ વિશેની તમામ બાબતો જાણવા મળી હતી.

૧. આ સંસ્થાના આઝાદી પહેલાં અને આઝાદી બાદના ધ્યેયો વિશે માહિતી મળી હતી.

૨. ગૂજરાત વિદ્યાપીઠ એક સ્વતંત્ર સંસ્થા તરીકે અસ્તિત્વમાં આવી હતી. ત્યાર બાદ ડીમ્ડ-ટુબી-યુનિવર્સિટી તરીકે સરકાર દ્વારા માન્યતા આપવામાં આવી, તેથી આ ફેરફારની અસર ધ્યાનમાં આવી હતી.

૩. ગૂજરાત વિદ્યાપીઠની લાક્ષણિક્તાઓ સંદર્ભે આ મુજબના મુદ્દાઓ ધ્યાનમાં આવ્યા હતા.

લાક્ષણિકતાઓમાં પ્રાથમિક અને મુખ્ય બાબત દેશસેવાની જોવા મળી હતી. જેમાં આ સંસ્થા દેશ સેવકો તૈયાર કરે છે, તેવી વાત સચોટ રીતે તમામ કુલપતિશ્રીએ ઉદ્‌બોધનોમાં કહી હતી. (૧) સેવા ભાવના દ્વારા ગ્રામ્ય અને આદિવાસી સમાજની સેવા અને જન સેવાની ભાવના પણ ઉજાગર થતી જોવા મળી હતી. (૨) જીવન સમૃધ્ધિ વિશે વાત કરીએ તો શિક્ષણ અને તાલીમ લોકોના જીવન સમૃધ્ધિ માં અતુલ્ય ફાળો આપશે એવા વિચારો પ્રાપ્ત થયા હતા. (૩) અજોડ સંકુલ આ સંસ્થા જગતની એક માત્ર વિશિષ્ટ હેતુ માટે સ્થપાયેલી સંસ્થામાં સ્થાન પામે છે, તેવી વિગતો મળી હતી. (૪) સાંસ્કૃતિક મૂલ્યોની જાળવણી સાથેના વિકાસની વાત સ્વિકારવામાં આવી હતી. (૫) રાષ્ટ્ર ભાવના માટે એક્ટીવ ફ્યુ જેવો ગહન શબ્દ આપવામાં આવ્યો હતો . (૬) ગાંધી માર્ગ આપણને નિરંતર પ્રગતિ અને ઐક્ય આપનાર છે. તેવો મત રજૂ થયો હતો. (૭) આંતર રાષ્ટ્રિય બાબતો સાથે આપણે જોડાયેલાં રહીએ પણ માત્ર ખોખલાં વિકાસ તરફ આંધળી દોટ નથી મુકવાની એવી ટકોર પણ કરવામાં આવી હતી. વિદ્યાપીઠનો વિદ્યાર્થી માત્ર પૈસા કમાવવાની હોડમાં લાગી જાય તો દેશ અને ગામડાંના લોકોનાં વિકાસના કાર્યો અટકી જાય. ગાંધીએ જોયેલાં સપનાઓ પુરા કરવા માટેની આ પ્રયોગ શાળા છે.

VIDHYAYANA

## શૈક્ષણિક ફલિતાર્થો

પ્રસ્તુત અભ્યાસ ગૂજરાત વિદ્યાપીઠ વિષયક હોવાના કારણે તેમાંથી અત્યંત દિશાસૂચક અને પ્રેરક બાબતો નિષ્પન્ન થાય તે અપેક્ષિત છે.

- કુલપતિશ્રીના ઉદ્‌બોધન માંથી પ્રાપ્ત થતી ગૂજરાત વિદ્યાપીઠની લાક્ષણિક્તાઓની માહિતીથી આ

સંસ્થાની કાર્ય પ્રણાલી વિશે માહિતી મળી હતી.

- આધુનિક પ્રવાહો, વિજ્ઞાન અને તકનિકી બાબતો, સરકારના નિયમો આ તમામ બાબતો સાથે યોગ્ય તાલમેલ આપણી પ્રગતિની ગતિમાં ઈજન આપશે.

## ભાવી સંશોધન વિષયક ભલામણો

- કુલપતિશ્રીના ઉદ્દબોધનો પુસ્તક માંથી મૂલ્ય સંબધિત અભ્યાસ.
- અન્ય યુનિવર્સિટીના કુલપતિશ્રીના ઉદ્દબોધનો સાથે તુલનાત્મક અભ્યાસ.
- કુલપતિશ્રીઓના ઉદ્દબોધનોનું વિવેચન અને વિશ્લેષણ.
- કુલપતિશ્રીના ઉદ્દબોધનોમાં પ્રાપ્ત થતાં સંવેગોનો અભ્યાસ.

## સંદર્ભ સૂચિ


- Bogdan, R. C. & Biklen, S. K. (1998). Qualitative Research for Education: An Introduction to Theory and Methods (3rd Ed.). Boston: Allyn & Bacon.
- Lighthall, F.F., & Lighthall, M. S. (1996). What might we learn about teaching by collecting "Data" about emotions that teachers experience in connection with their teaching? Paper presented at the International conference, self- study in Teacher education, Herstmonceus castle, East Sussex England. August 5-8, 1996. Retrieved August 19, 2001 from the World Wide Web: http://educ.queensu.ca/projects/action_research.
- ઉચાટ4 ડી. એ. (૨૦૦૬). **ગુણાત્મ.કસંશોધન.** રાજકોટ. સૌરાષ્ટ્ર- યુનિવર્સિટી.
- જોશી ભ.(૨૦૧૧). **ગુણાત્માક સંશોધન અને તેની રજૂઆત**.અમદાવાદ: ગૂજરાત વિદ્યાપીઠ.
- ગોહિલ એમ. યુ. (૨૦૦૨). **ઉપનિષદોમાં વ્યઅકત થતું શિક્ષણ દર્શન**
- જાડેજા એચ. પી. (૨૦૦૧). **તૈતિરીય ઉપનિષદ્દની શિક્ષા વલ્લીકમાં વ્યcકત થતું શૈક્ષણિક તત્વ  દર્શન.**
- જાંબુસિયા જે. જી. (૨૦૦૬).**માધ્યપમિક શાળાના વિદ્યાર્થીઓનું ઇશ્વર સાથેનું પ્રત્યાપન**
- જોશી એ. જી. (૨૦૧૧). **અધ્યાાપનમાં શિક્ષક-પ્રશિક્ષકોના સંવેગાત્મક ગુણાત્મપક અભ્યાસ**

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal


- તડવી આર. વી. (૨૦૦૪). **માધ્ય૦મિક શાળાના અભ્યા-સક્રમના સંસ્કૃ-ત સુભાષિતોના મૂલ્ય-ની ઓળખ અને વર્ગિકરણ.**
- પટેલ બી. ડી. (૨૦03).**શ્રી પાંડુરંગશાસ્ત્રીનાં પ્રવચનમાં પ્રગટ થતું શિક્ષણદર્શન.**
- પ્રજાપતિ4 એસ. એમ. (૨૦૦૦). **શ્રીમદ્દ ભગવદ્દગીતાના અધ્યા ય-૧૪ (પુરૂષોત્તમયોગ)માંથી નિષ્પ ન્નપ થતું તત્વદર્શન.**
- ભટ્ટ પી. ડી. (૨૦૧૧). **સ્વા૦મી સચ્ચિદાનંદજીના પુસ્તતક ‘વિદેશયાત્રાનાં’ પ્રેરક પ્રસંગોમાંથી નિષ્પનન્નુ થતાં મૂલ્યો્ અને વર્ગિકરણ.**
- ભાગોરા સી. કે. (૨૦૦૪). **શ્રી કિશોરલાલ મશરૂવાળાના કેળવણી વિષયક વિચારો.**
- મકવાણા એન. ડી. (૨૦૦૦). **શિક્ષાપત્રીમાં રજૂ થતી આચારમિમાંસા.**